Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર • કીડની • કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો • લીવર • ગેસ્ટ્રો • ગાયનેક-ઈન્ફર્ટિલિટી •
ઈમરજન્સી • લાઈફ સેવિંગ • આઈસીયુ • રૂમેટોલોજી • ઓર્થો •
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY • CHEMOTHERAPHY
NEPHROLOGY • TRANSPLANT
VIROLOGY • HIV • NEUROLOGY
EMERGENCY • ICU • LIFE SAVING
INFERTILITY • GYNECOLOGY
BLOOD PRODUCTS • ORTHO
RHEUMATOLOGY • VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ • અંક : ૨૬ • સળંગ અંક : ૧૦૬૪ • પ્રકાશિત તા-૧-૫-૨૦૨૫,શુક્રવાર • RNI : GUJGUJ/2004/16263 • GAMC NO. :1473/2014-16 • કિંમત ૧/-રૂા. • કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 • કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

શ્રી
પટેલ થાળ
100% Vegetarian
100% Hygienic
શ્રી પટેલ
થાળ & રેસ્ટોરન્ટ
ગુજરાતી • પંજાબી • કાઠીયાવાડી





REVIEW US!
Available on Zomato and Swiggy
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
૧૦૮,સ્વનીક આર્કેડ, અર્જુન ગ્રીનની સામે, પ્રગતિનગરથી કે કે નગર રોડ, નારણપુરા, અમદાવાદ.
For Booking M : 72028 13411
અમારી બીજી કોઈ શાખા નથી

ADMISSION OPEN for JUNE 2025 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)



ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ. એચ. હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી
ડો. અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
આચાર્યશ્રી
દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ



વધુ માહિતી માટે
ઓફીસ ખાતે
રૂબરૂ સંપર્ક આવકાર્ય છે
(સવારે ૮ થી ૧૧)



નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

# શહેર પ્રમુખ પ્રેરક શાહે પદભાર સંભાળતા અનેકના પેટમાં તેલ રેડાયું ...!!

## નવનિયુક્ત પ્રમુખ પ્રેરક શાહને સંગઠનનો અનુભવ ઓછો હોવાની કાર્યકર્તાઓમાં ગણગણાટ



અમદાવાદ : અમદાવાદ શહેરમાં પ્રેરક શાહની ભાજપે શહેર અધ્યક્ષ પદે નિમણુક કરતા અનેક નાના મોટા કાર્યકર્તાઓના પેટમાં તેલ રેડાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.નિમણૂકના બીજા દિવસે જ તેમણે પદભાર તો સંભાળ્યો ત્યારે શહેરના તમામ ધારાસભ્યો, હોદેદારો ગયા હતા, પરંતુ કેટલાક ચેહરા પર ખુશી જોવા મળી હતી તો કેટલાક લોકો ઉપરછલ્લું હસતું હોવાનું સ્પષ્ટ જણાઈ આવ્યું હતું.

એક ચર્ચા મુજબ, ગત બુધવારે અખાત્રીજે યોજાયેલ પદગ્રહણ સમારોહમાં શહેરના અનેક નાના મોટા કાર્યકર્તાઓ પહોંચ્યા હતા, જાહેરમાં લોકો હસતા મોઢે અભિનંદન અને શુભેછાઓ આપતા જોવા મળ્યા હતા, ત્યારે ભાજપમાં જ નેતાઓ અંતર જાળવી રહ્યા હતા અને કાર્યકર્તાઓ ભારે ચર્ચા કરી રહ્યા હતા. ચર્ચાઓ મુજબ, નવનિયુક્ત પ્રમુખને સંગઠન લક્ષી કામગીરીનો યોગ્ય અનુભવ નથી સાથે જ અમદાવાદ એ રાજયનું સૌથી મોટું શહેર છે

કેટલાક ભાજપના સિનિયર નેતાઓ એવી પણ ચર્ચા કરી રહ્યા હતા કે શહેર સંગઠન ચલાવવું રમત વાત નથી. શહેરમાં અનેક જગ્યા પર આંતરિક ખેંચતાણ ચાલી રહી છે તો ભાજપ કેવી રીતે તેને મેનેજ કરશે ? શું સિનિયર નેતાઓને આદેશ આપશે તો તે માન્ય રાખશે ? સાથે જ પૂર્વ વિસ્તારમાં હવે પહેલા જેવું વાતાવરણ રહ્યું નથી તો આગામી સમયમાં મહાનગરપાલિકા ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપનો બેડો કેવી રીતે પાર પાડી શકશે ?

ત્યારે બીજી તરફ કેટલાક ભાજપના કાર્યકર્તાઓ આ નિમણૂકને આવકારી રહ્યા છે, એક આગેવાનના મત મુજબ, ક્યાં સુધી એક ના એક ટોળકીના લોકો સંગઠન પર કબ્જો જમાવી રાખશે, નવા ચહેરાને સ્થાન મળવું જોઈએ, પાર્ટીમાં સેકન્ડ કેડર ઉભી થવી જોઈએ, જ્યાં સુધી સંગઠનમાં અનુભવ ઓછો હોવાની વાતો કરવામાં આવી રહી છે તે તદ્દન ખોટી હોવાનું જણાવ્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું નવ નિયુક્ત પ્રમુખ સંગઠનનો અનુભવ છે, તેઓ વોર્ડ કક્ષાએથી પ્રદેશ કક્ષાએ સુંદર કામગીરી કરી હોવાનું વિગતો આપતા હોવાનું જણાવ્યું હતું કે આગામી સમયમાં સંગઠનમાં નિમણુંકથી લઈને કામગીરીમાં તેઓની શ્રેષ્ઠતા તમને જોવા મળશે...

## નવનિયુક્ત પ્રમુખ પ્રેરક શાહે વોર્ડ કક્ષાએથી પ્રદેશ કક્ષાએ સુંદર કામગીરી કરી

### નવ નિયુક્ત પ્રમુખ પ્રેરક શાહની વોર્ડ કક્ષાએથી લઈને પ્રદેશ કક્ષાએ સંગઠનની સફર પર એક નજર કરીએ....

૨૦૦૪-૨૦૦૬...ભાજપ યુવા મોરચા પ્રમુખ, સ્ટેડીયમ વોર્ડ, કર્ણાવતી મહાનગર, અમદાવાદ શહેર

૨૦૦૬-૨૦૦૮...સહ સંયોજક, આઈ ટી સેલ, કર્ણાવતી મહાનગર, અમદાવાદ શહેર

૨૦૦૮-૨૦૧૦...ઉત્તર ઝોન સંયોજક, આઈટી સેલ..

૨૦૧૦-૨૦૧૩...પ્રદેશ કાર્યકારણી સભ્ય, યુવા મોરચો અને સાબરકાંઠા પ્રભારી

૨૦૧૩-૨૦૧૬...ઉત્તર ઝોન સંયોજક, ઈન્વેસ્ટર પ્રોટેકશન સેલ

૨૦૧૮-૨૦૨૩...સભ્ય, ટીવી ડિબેટ ટીમ, પ્રદેશ ભાજપ

( વર્તમાન )......સહ પ્રવકતા, ભાજપ, પ્રદેશ ભાજપ

...સંયોજક, આર્થિક સેલ, પ્રદેશ ભાજપ

આ ઉપરાંત ભાજપમાં સ્પે.કાર્યક્રમમાં પ્રદેશ કક્ષાએ જવાબદારી

૨૦૦૯...લોકસભા ચુંટણીમાં સીએમ ફીડબેક ટીમમાં પ્રદેશ સંયોજક

૨૦૨૦...જીલ્લા પ્રશિક્ષણ વર્ગમાં આત્મનિર્ભર ભારત વિષય મુદ્દે વિશય પ્રમુખની જવાબદારી

૨૦૨૧...સેવા સુશાસન પાક્ષિકમાં પ્રદર્શન અને પ્રચાર અને પ્રસાર ટીમના સભ્ય તરીકે જવાબદારી

મંડલ પ્રશિક્ષણ વર્ગમાં ૨૦૧૪ કે બાદ કા બદલા હુઆ ભારત-આત્મનિર્ભર ભારત વિષયમાં પ્રમુખની જવાબદારી

બજેટ ટીમ પ્રદેશમાં સભ્ય


૨૦૨૨..બજેટ ટીમ પ્રદેશ સહસંયોજક

વિધાનસભા ચુંટણીમાં ઘોષણાપત્ર સમિતિમાં સભ્ય, પ્રબુદ્ધ નાગરિક સંમેલન ટીમમાં સભ્ય, નીતિ નિર્ધારણ ટીમમાં સભ્ય

વિધાનસભા ચુંટણીમાં સ્પીચ ટીમમાં પ્રદેસ સંયોજક તરીકે જવાબદારી

૨૦૨૩...જી-૨૦ કોર ટીમમાં સભ્ય તરીકે જવાબદારી

## નવીનીકરણ થયેલ બાલવાટિકાની એન્ટ્રી ફી રૂ.૫૦ રહેશે




અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઘ્વારા કાંકરિયા પરિસરમાં આવેલ બાલવાટિકાને પીપીપી ધોરણે રીડેવલોપમેન્ટ કરવામાં આવી છે. ગુજરાતમાં અને ભારતમાં સૌપ્રથમ વખત જોવા મળે એવા અવનવા મ્યુઝિયમ અને એક્ટિવિટી સાથે બનાવેલા બાલવાટિકાની એન્ટ્રી ફી અને વિવિધ રાઈડ્સની ફી નક્કી કરવામાં આવી છે. કાંકરિયા બાલવાટિકામાં નાના બાળકોથી લઈ મોટા સુધીની એન્ટ્રી ફી રૂ. ૫૦ રહેશે. જ્યારે દરેક રાઈડની અલગ અલગ ફી નક્કી કરવામાં આવી છે. ઉનાળાના વેકેશનમાં સૌથી વધુ મજા માણી શકે એવા સ્નોપાર્ક (નભોદર્શન અને જેકેટ્સ સાથે)ની ફી ૪૫૦ રાખવામાં આવી છે. મે મહિનાના પ્રથમ પખવાડિયામાં લોકો માટે બાલવાટિકા ખુલ્લું મૂકવામાં આવી શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રીક્રિએશન કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદી અને ડેપ્યુટી ચેરમેન સ્નેહાબા પરમારે જણાવ્યું હતું કે, કાંકરિયા ઝુ ખાતા હસ્તક આવેલી બાલવાટિકાનું પીપીપીના ધોરણે રીડેવલોપમેન્ટ, મોર્ડનાઈઝેશન એન્ડ અપગ્રેડેશન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રૂ. ૨૨ કરોડના ખર્ચે બાલવાટિકાને કોન્ટ્રાક્ટર દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યું છે.બાલવાટિકામાં એન્ટ્રી ફી રૂ. ૫૦ રાખવામાં આવી છે જેમાં કોઈન હાઉસ, કાચનું ઘર (છઝ), શુહાઉસ, લેન્ડસ્કેપ ગાર્ડન, સેલ્ફી ઝોન અને ગ્લો સ્ટેશન માટે કોઈપણ ચાર્જ લેવામાં આવશે નહીં. બાલવાટિકામાં અગાઉના વર્ષોમાં અંદાજીત વાર્ષિક રૂ.૧૦ લાખની આવક થતી હતી પરંતુ આ બાલવાટિકાને પીપીપીના ધોરણે રીડેવલોપમેન્ટ, મોર્ડનાઈઝેશન એન્ડ અપગ્રેડેશન કરવામાં આવતાં ૨૭ ટકા રેવન્યુ શેરિંગ મ્યુનિસિપલ કોર્પોરેશનને મળશે. મ્યુનિસિપલ કોર્પોરેશનને અગાઉના વર્ષોમાં અંદાજિત વાર્ષિક આવક ૧૦ લાખની થતી હતી. પરંતુ હવે બાલવાટિકાને પીપીપી ધોરણે રિડેવલમેન્ટ કરવામાં આવતા વાર્ષિક ભાડુ ૧૯ લાખ રૂપિયા રેવન્યુ શેરિંગ સાથે અંદાજિત વાર્ષિક આવક રૂ. ૪૦ લાખ જેટલી થશે. તમામ પ્રકારના મેન્ટેનન્સથી લઈ લાઈટ બિલ અને સિક્યુરિટી તેમજ કર્મચારી પગાર વગેરે કોન્ટ્રાક્ટર સુપરસ્ટાર એમ્યુઝમેન્ટ પ્રા.લી દ્વારા કરવામાં આવશે.

## લાલ બસના ડ્રાઈવરો ઉનાળામાં મીની વેકેશન પર જાય તેવી શક્યતા

અમદાવાદ : અમદાવાદ શહેરમાં નાગરિકોને અવરજવર માટે પબ્લિક ટ્રાન્સપોર્ટ તરીકે એએમટીએસ ની બસોની સુવિધા ખૂબ જ આયોજન પૂર્વક ચાલી રહી છે ખાસ તો એએમટીએસ ની બસ સમયસર મુસાફરોને એમના ગંતવ્ય સ્થાને પહોંચાડવામાં અર્થસભર સુવિધાઓ સર્વિસ પૂરી પાડે છે પરંતુ ઉનાળાની કાળજાળ ગરમીમાં હવે ઉનાળાના વેકેશનની પણ શરૂઆત થઈ ગઈ છે એક માહિતી પ્રમાણે એએમટીએસના ડ્રાઈવરો ઉનાળા વેકેશન માટે રજા ઉપર જાય તેવી શક્યતા હોવાને કારણે ડ્રાઈવરોની અછત સર્જાય એવું મનાય છે અને તેથી જ એએમટીએસના કેટલાક રૂટ પર અસર વર્તાય તેમ છે ઉનાળાના વેકેશનમાં ડ્રાઈવરો પોતાના ગામ બાળકો સાથે જતા હોવાથી આ વખતે પણ તેઓ વતન ની વાટ પકડે તેવી શક્યતા હોય મે મહિનામાં તેની અસર વર્તાય તેમ છે આગામી દિવસોમાં એ એમટીએસ ને ડ્રાઈવરોની અછત સર્જાય તેવું કહેવાય છે ડ્રાઈવરોમાં પણ આ પ્રકારની ચર્ચા ચાલી રહી છે કારણ કે પ્રતિવર્ષ ઉનાળાના વેકેશનમાં સૌ કોઈ પોતાને ગામ અથવા તો બહારગામ ફરવા જતા હોય છે લાલ બસના ડ્રાઈવરો પણ સામાન્ય માણસની જેમ જ વર્ષે કોઈક વખત રજા પાડતા હોય છે ત્યારે આ વખતે પણ મે મહિનામાં ડ્રાઈવરો ઉનાળાના વેકેશન પર જાય તેવી સંભાવનાઓ છે.

PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## ટેન્ડરની સમયમર્યાદામાં કામગીરી ન કરનાર ડેવલપરો વિરુદ્ધ કાર્યવાહી કયારે..!?

# ગુજરાત હાઉસિંગ બોર્ડની કામગીરી શંકાના દાયરામાં...!!

### લાંબા સમયથી પેન્ડીંગ ટેન્ડરોમાં સોસાયટીમાં રિડેવલપમેન્ટ ન કરતા ડેવલપરોના ટેન્ડરો રદ કરી બ્લેકલીસ્ટ કરે ગુજરાત હાઉસિંગ બોર્ડ

**નવા વાડજમાં વિશ્રામ પાર્ક, હરિઓમ એપાર્ટમેન્ટ, ગગનવિહાર એપાર્ટમેન્ટ, નારણપુરામાં શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટ, ગણેશ, શ્રીનગર કે શિવાલય એપાર્ટમેન્ટ...આમાંથી કોઈ પણ સોસાયટીમાં રિડેવલપમેન્ટની કામગીરીમાં કોઈ ડેવલપમેન્ટ નથી, જેથી આવી સોસાયટીઓમાં ટેન્ડર રદ કરીને બિલ્ડરો માટે દ્રષ્ટાંત બેસાડવું જોઈએ...**

અમદાવાદ : શહેરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડનાં મકાનોમાં હાલ રાજ્ય સરકારની રિડેવલપમેન્ટ પોલિસી અંતર્ગત કામગીરી ચાલી રહી છે, પણ ૩૦ થી વધુ હાઉસિંગ કોલોનીઓના રિડેવલપમેન્ટ માટે બહાર પડાયેલા ટેન્ડરમાં બોર્ડે રિડેવલપમેન્ટ પોલિસીનો કોઈ અમલ કર્યો જ ન હોવાનો અને અનેક સોસાયટીઓમાં રિડેવલપમેન્ટ કામગીરીમાં કોઈપણ મુવમેન્ટ કે હિલચાલ ન હોવા છતાં બિલ્ડરોના લાભાર્થે ટેન્ડરની સમય મર્યાદા પુરી થઈ ગઈ હોવા છતાં ટેન્ડરો ચાલું રાખતા હોવાની ફરિયાદો ઊઠી છે.

એક આગેવાનના મત મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બિલ્ડરોની મનમાની પ્રમાણે ચાલે છે. અને બિલ્ડરો માટે લાલ જાજમ બીછાવવામાં આવે છે. જેમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા તાજેતરમાં બિલ્ડરના લાભાર્થે પ્રોજેકટ લોનની મંજુરી આપવામાં આવી છે, છતાં એક વાર ટેન્ડર બાદ ધીમી ગતિની કામગીરીમાં કોન્ટ્રાકટરોને કોઈ નોટીસ આપવામાં આવતી નથી.બિલ્ડર દ્વારા સમય મર્યાદામાં કામ નહીં કરતા હોવાને કારણે સોસાયટીના સભ્યો હેરાનગતિ ભોગવી રહ્યા છે.

એક ચર્ચા મુજબ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા અત્યાર સુધીમાં ૧૩૫થી વધુ કોલોનીઓ (સોસાયટીઓ)ના ટેન્ડરો બહાર પાડયા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં હાલ અમદાવાદની ૧૨ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલી છે. ૨૦ જેટલી સોસાયટીઓમાં રિડેવલપમેન્ટ માટે ટેન્ડરો પાડવામાં આવ્યા છે. એની સામે અનેક સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયામાં કોઈપણ મુવમેન્ટ કે હિલચાલ ન હોવા છતાં અને ટેન્ડરની સમય મર્યાદા પુરી થઈ ગયા હોવા છતાં સરકારની રિડેવલપમેન્ટ પોલિસી વિરુદ્ધ ટેન્ડરો ચાલુ રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.એક હાઉસિંગ આગેવાનના જણાવ્યા મુજબ દરેક ટેન્ડરની શરત મુજબ સમય મર્યાદા પૂર્ણ થતા હાઉસિંગ બોર્ડે ટેન્ડર કેન્સલ કરી તેની ઈએમડી જપ્ત કરી દાખલો બેસાડવો જોઈએ, જેથી બિલ્ડરોની શાન પણ ઠેકાણે આવી જાય, અને સાથે સાથે લોકોમાં એક મેસેજ જાય ટેન્ડર કેન્સલ થશે તો રિડેવલપમેન્ટ અટકી જશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે જો સોસાયટીઓમાં એમઓયું કરવામાં સમય જોઈતો હોય તો હાઉસિંગ બોર્ડ ટેન્ડરની સમય મર્યાદા વધારી શકે છે.પરંતુ સોસાયટીઓમાં લોકો રિડેવલપમેન્ટમાં બિલ્ડરની પ્રપોઝલ સ્વીકારતા ન હોઈ એવા સંજોગોમાં ટેન્ડર કેન્સલ કરવા જોઈએ.નારણપુરા, નવા વાડજ સહિત અનેક સોસાયટીઓ એવી છે કે જયાં ટેન્ડર બહાર પાડયા બાદ એક પણ એમઓયું થયા નથી, અથવા તો થવાના કોઈ સંજોગો પણ નથી, એમઓયું કરવામાં પ્રજામાં કોઈને રસ નથી કે બિલ્ડરને રસ નથી એવા સંજોગોમાં ટેન્ડર કેન્સલ કરવા જોઈએ.આવી તો અનેક સોસાયટીઓ છે કે જયાં બિલ્ડર રહીશો છેલ્લાં કેટલાંય સમયથી મિટીંગ પણ થઈ નથી, અનેક સોસાયટીઓમાં બિલ્ડરે એક આંટો પણ માર્યા નથી.

ઉદાહરણ તરીકે જોઈએ...તો નવા વાડજમાં વિશ્રામ પાર્ક, હરિઓમ એપાર્ટમેન્ટ, ગગનવિહાર એપાર્ટમેન્ટ, નારણપુરામાં શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટ, ગણેશ, શ્રીનગર કે શિવાલય એપાર્ટમેન્ટની વાત કરીએ તો...આમાંથી કોઈ પણ સોસાયટીમાં રિડેવલપમેન્ટની કામગીરીમાં કોઈ ડેવલપમેન્ટ નથી, જેથી આવી સોસાયટીઓમાં ટેન્ડર કેન્સલ કરીને બિલ્ડરો માટે દ્રષ્ટાંત બેસાડવું જોઈએ.

આમ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં કોઈ પણ કાર્ય માટે કોઈ ચોક્કસ સમય મર્યાદા નથી. ટેન્ડર હોય કે ટેન્ડર સિવાયનું કામ હોય, કોઈ સમય મર્યાદા નહી, ન કોઈ કામગીરીની ચોક્કસ ટાઈમ લિમીટ, હા કોઈ ને ડરાવવા હોય તો તેઓ મર્યાદા બતાવી શકે છે. દરેક કાર્યને લઈ સમય વ્યય કરવો.

આ અગાઉ હાઉસિંગ બોર્ડે અનેક સોસાયટીઓમાં સભ્યોની સંમતિ લીધા વિના જ ટેન્ડર બહાર પાડી દીધા હતા.જો કે નિયમ મુજબ ૭૫ ટકા લોકોની સંમતિ હોવી જરૂરી છે તેમ છતાંય હાઉસિંગ બોર્ડે અનેક સોસાયટીઓના સભ્યોની સંમતિ લીધા વિના જ ટેન્ડર બહાર પાડી દીધા હતા.ત્યારે પણ ભારે ઉહાપોંહ મચી ગયો હતો.

## નવા વાડજ વિસ્તારમાં રિડેવલપમેન્ટને લઈને

# એક બિલ્ડર એક રૂપિયામાં સોસાયટી ખરીદવા નીકળ્યા હોવાની ચર્ચા...!!?

અમદાવાદ : આજકાલ શહેરમાં નાની મોટી સોસાયટીઓનું રિડેવલપમેન્ટ ખૂબ જ ચર્ચામાં છે. શહેરમાં અનેક વિસ્તારોમાં ખાનગી સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે ત્યારે નવા વાડજ વિસ્તારમાં આવેલ એક ખાનગી સોસાયટીનું રિડેવલપમેન્ટ ચર્ચામાં છે, જેમાં એક બિલ્ડર એક રૂપિયામાં આખી સોસાયટી ખરીદવા નીકળ્યા હોવાની સમગ્ર વિસ્તારમાં જોરશોરથી ચર્ચા છે.

શહેરના નવા વાડજ વિસ્તારમાં એક બિલ્ડર એક રૂપિયામાં સોસાયટીનું રિડેવલપમેન્ટ કરવા હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે, જેમાં સોસાયટીના રહીશોને ગીફ્ટ મની અને રિડેવલપમેન્ટ દરમ્યાન મળતું ભાડું બેન્કમાં જમા થાય એ માટે બિલ્ડર દ્વારા કોઈ પણ એગ્રીમેન્ટ કર્યા વગર સીધા સોસાયટીના રહીશોના બેન્ક એકાઉન્ટની વિગતો મંગાવીને તમામ સંમત સભ્યોના એકાઉન્ટમાં એક-એક રૂપિયા નાખીને રિડેવલપમેન્ટની પ્રક્રિયા આરંભી છે, ત્યારે સોસાયટીમાં કેટલાંક અસંમત સભ્યોએ સમગ્ર રિડેવલપમેન્ટની પ્રક્રિયા પર વિરોધ નોંધાવ્યો છે.

જેમાં સૌ પ્રથમ રિડેવલપમેન્ટ કરનાર બિલ્ડરને ડાયરેકટ મળવું છે, કોઈ પણ વચેટિયા સાથે વાતચીત કરવી નથી, રિડેવલપમેન્ટ બાદ સભ્યોને નવો ફ્લેટ કેટલી સાઈઝનો, કેટલા ટકા વધારાનું બાંધકામ, નવા ફ્લેટનું લોકેશન, રિડેવલપેન્ટ કેટલા સમયમાં પુરુ થશે, રિડેવલપમેન્ટ દરમ્યાન કેટલું માસિક ભાડું મળશે વગેરે જેવી બાબતોને બિલ્ડર દ્વારા લેખિતમાં આપ્યા વગર અને કોઈ પણ પ્રકારના એગ્રીમેન્ટ વગર થઈ રહ્યું હોવાના આરોપ લગાવ્યા હોવાની ચર્ચા છે.

આ સિવાય સોસાયટીના કેટલાંક સંમત સભ્યો બિલ્ડરનું બેકગ્રાઉન્ડ શું છે, અત્યાર સુધી બિલ્ડર કયાં કયાં નવા અથવા જુના રિડેવલપેન્ટના પ્રોજેકટ કર્યા છે ? આ સિવાય બિલ્ડર પોતે આ પ્રોજેકટ કરશે કે પછી સંમતિની પ્રક્રિયા પછી કોઈ ત્રાહિતને સમગ્ર પ્રોજેકટ કમીશનથી સોંપી દેશે એવી આશંકા વ્યક્ત કરી હોવાની પણ ચર્ચા છે.

## રિડેવલપમેન્ટ દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો...

અમદાવાદ : રિડેવલપમેન્ટના જાણકાર અને એકસપર્ટના મત મુજબ, સોસાયટી રિડેવલપમેન્ટમાં જાય ત્યારે શું ધ્યાન રાખવું.

જ્યારે કોઈ પણ ખાનગી સોસાયટી રિડેવલપમેન્ટમાં જાય, ત્યારે ફ્લેટધારકોએ બેઝિક માહિતી મેળવી લેવી જરૂરી છે. સૌથી પહેલા તો તમારી પાસે જે બિલ્ડર આવે છે, તે બિલ્ડરની ક્રેડિબિલિટી ચેક કરવી જરૂરી છે. બિલ્ડરના જૂના પ્રોજેક્ટ વિશે માહિતી મેળવી લેવી જોઈએ. સાથે જ સોસાયટી ઈચ્છે તો બિલ્ડર પાસેથી નિશ્ચિત રકમની બેન્ક ગેરેન્ટી પણ લઈ શકે છે. જો કે, તેના માટે બિલ્ડર પણ તૈયાર થવા જરૂરી છે. તો સોસાયટીના સભ્યોએ બિલ્ડરનું ટર્ન ઓવર પણ ચેક કરવું જોઈએ. જેથી જાણી શકાય કે બિલ્ડર તમારી સોસાયટીનો પ્રોજેક્ટ પૂર્ણ કરવાની કેપેસિટી ધરાવે છે કે નહીં. આ ઉપરાંત સોસાયટીએ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે લીગલ કન્સલ્ટનટ તેમજ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ રાખવા જોઈએ. આ લીગલ કન્સલટન્ટ તમને ડ્યુ ડિલિજન્સ કરાવવામાં અને ટાઈટલ ક્લિયર જેવા ઈસ્યુ સોલ્વ કરવામાં મદદ કરે છે. વળી સોસાયટી અને બિલ્ડર વચ્ચેના કોન્ટ્રાક્ટમાં જો કોઈ શરતો માત્ર બિલ્ડરને લાભ અને સોસાયટીને નુક્સાન કરાવતી હોય, તો તે પણ દૂર કરવામાં મદદ કરે છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ પણ તમને બિલ્ડર સાથે ડીલ કરવામાં તમારા હિત સાચવવામાં મદદ કરે છે.

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC E-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

### અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના "કેચ ધી રેઈન" અભિયાન " અંતર્ગત

# એક હજાર સોસાયટીઓએ પરકોલેટીંગ વેલ માટે અરજી કરી

અમદાવાદ : રાજય સરકાર દ્વારા ભૂગર્ભ જળના સંચય માટે છેલ્લા ઘણા સમયથી ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે તેમજ "કેચ ધી રેઈન" અભિયાન અંતર્ગત રાજય તથા શહેરની ખાનગી સોસાયટીઓમાં પણ પરકોલેટીંગ વેલ બનાવવા માટે આયોજન કરવામાં આવી રહયા છે જેના માટે મ્યુનિ. કાઉન્સિલરો પણ મોટાપાયે બજેટ ફાળવી રહયા છે. એક અંદાજ મુજબ અમદાવાદ શહેરમાં ૧૦૦૦ કરતા વધુ સોસાયટીઓ દ્વારા પરકોલેટીંગ વેલ માટે અરજી કરવામાં આવી છે. જેના કામ ઝડપભેર પૂર્ણ થઈ રહયા છે જેના કારણે વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારી જળસ્તર ઉંચા લાવવા માટે પ્રયત્ન કરવામાં આવશે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા વિવિધ પધ્ધતીથી રેઈન વોટર કન્ઝર્વેશન માટે આરંભાયેલ "કેચ ધી રેઈન" ઝુંબેશ અંતર્ગત અ.મ્યુનિ. કોર્પો.હસ્તકની સમગ્ર શહેરના તમામ ઝોનમાં આવેલ જુદી જુદી ઝોનલ ઓફિસો, વોર્ડ-ઓફિસો, હોસ્પિટલ્સ, મ્યુનિ.શાળાઓ, અર્બન હેલ્થ સેન્ટર્સ, લાઈબ્રેરીઝ, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન્સ, ડ્રેનેજ પંપીગ સ્ટેશન્સ વિગેરે જેવી આશરે ૧૮૦૦ ઈમારતોના રૂફ-ટોપ પર ભરાતા વરસાદી પાણીનો સંગ્રહ કરવા રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટીગ સીસ્ટમ આગામી ૧.૫ વર્ષના સમયગાળામાં ઈન્સ્ટોલ્ડ કરી કાર્યરત કરવામાં આવશે. જે મુજબ દરેક ઈમારતોના ધાબા પર ભરાતાં વરસાદી પાણીને બહાર વહી જતું અટકાવી, આ વરસાદી પણણીને ફીલ્ટર દ્વારા ચોખ્ખુ કરી, તેને જે-તે ઈમારતોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓમાં અથવા જે-તે કેમ્પસમાં જો હયાત બોરવેલ કે પરકોલેશન વેલ હોય તેમાં પરકોલેટ કરી, ગ્રાઉન્ડ વોટરના જળ સ્તર ઉચા લાવવા અ.મ્યુનિ. કોર્પો. દ્વારા ખૂબ જ મોટા પાયે કામગીરી શરૂ કરવામાં આવી છે જે પૈકી હાલ પ્રથમ ચરણમાં અ.મ્યુનિ. કોર્પો.હસ્તકની ૪૦૦ બિલ્ડીગ પ્રિમાઈસીસમાં અંદાજે ૫.૫૦ કરોડના ખર્ચે આવી રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટીગ સીસ્ટમ ઈન્સ્ટોલેશનની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે જે આગામી ચોમાસાની ઋતું પહેલાં પૂર્ણ કરવામાં આવશે. આ કામગીરી કરવાથી અ.મ્યુનિ. કોર્પો. દ્વારા દૈનિક રીતે આપવામાં આવતાં પાણી પુરવઠાનું નર્મદાનું પાણી બચાવી શકાશે તેમજ જમીનના જળ સ્તર ઉંચા લાવી બોરના પાણીની ગુણવત્તા સુધારી શકાશે.











